# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) ખરીફ સિઝન માટે દેશમાં પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ હોવાની સરકારે ખાતરી આપી.
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ હિમાલયી પ્રદેશમાં આબોહવા અનુકૂળ માર્ગની માળખાગત સુવિધાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો.
3) મતગણતરી કેન્દ્રોને સુરક્ષિત રાખવા માટે ચૂંટણી પંચે QR કોડ આધારિત ફોટો ઓળખ કાર્ડ પ્રણાલી શરૂ કરી.
4) ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે આજે તેના સ્વ-સહાય જૂથ બચત ખાતાનો શુભારંભ કર્યો.
5) અને, IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INTER MINISTERIAL- BRIEF

સરકારે ખાતરી આપી છે કે દેશમાં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ છે, અને ખરીફ સીઝન માટે પુરવઠો જરૂરિયાતો કરતાં વધુ રહ્યો છે. આજે નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, ખાતર વિભાગના અધિક સચિવ, અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે ખાતરનું સ્થાનિક ઉત્પાદન 62.37 લાખ મેટ્રિક ટન સુધી પહોંચી ગયું છે, જ્યારે આયાત લગભગ 15.39 લાખ મેટ્રિક ટન છે, જેનાથી વર્તમાન સમયગાળા દરમિયાન કુલ ઉપલબ્ધતા લગભગ 78 લાખ મેટ્રિક ટન થઈ ગઈ છે.

**(BYTE : APARNA SHARMA)**

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશભરમાં LPG, પેટ્રોલ અને ડીઝલનો અવિરત પુરવઠો ઉપલબ્ધ છે.

**(BYTE- SUJATA SHARMA)**

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે પ્રદેશના તમામ ખલાસીઓ સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં ભારતીય દરિયાઈ જહાજો સાથે જોડાયેલી કોઈ ઘટના નોંધાઈ નથી.

# GADKARI-CLIMATE RESILIENT ROADS

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે હિમાલયી પ્રદેશમાં આબોહવા અનુકૂળ માર્ગની માળખાગત સુવિધાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી ગડકરી નવી દિલ્હીમાં ભૂસ્ખલન પ્રભાવિત પહાડી રસ્તાઓ સામેના પગલાં પર એક કાર્યશાળાને સંબોધિત કરી રહ્યા હતા. મંત્રીએ જણાવ્યું હતું કે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ અને અદ્યતન ટેકનોલોજી અપનાવીને સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે લાંબા ગાળાની સલામતી અને ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે ડુંગરાળ પ્રદેશમાં રસ્તાનું બાંધકામ શરૂ કરતા પહેલા ઢાળ સ્થિરીકરણને પ્રાથમિકતા આપવાનો નીતિગત નિર્ણય લેવામાં આવ્યો છે.

# EC- QR CODE

ચૂંટણી પંચે પોતાના ECINET પ્લેટફોર્મ દ્વારા QR કોડ આધારિત ફોટો ઓળખ કાર્ડ પ્રણાલી રજૂ કરી છે જેથી કોઈપણ અનધિકૃત વ્યક્તિ મતગણતરી કેન્દ્રોમાં પ્રવેશી શકે નહીં. ચૂંટણી પંચે જણાવ્યું છે કે આ પહેલ આગામી મહિનાની 4 તારીખથી આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ તેમજ પાંચ રાજ્યોના સાત વિધાનસભા મતવિસ્તારોમાં પેટાચૂંટણીઓની મતગણતરી દરમિયાન અમલમાં આવશે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, નવી લાગુ કરાયેલી ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં QR કોડ-આધારિત ચકાસણી એક મહત્વપૂર્ણ સ્તર હશે. તેણે ઉમેર્યું હતું કે પ્રથમ અને બીજા સ્તરે, રિટર્નિંગ ઓફિસર દ્વારા જારી કરાયેલ ઓળખ કાર્ડ મેન્યુઅલી તપાસવામાં આવશે. ગણતરી હોલની નજીકના સૌથી આંતરિક સુરક્ષા સ્તર પર, સફળ QR કોડ સ્કેનિંગ પછી જ પ્રવેશની મંજૂરી આપવામાં આવશે.

# PREZ- BUDDHA PURNIA EVE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુદ્ધ પૂર્ણિમાની પૂર્વસંધ્યાએ લોકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે આ પવિત્ર દિવસ ભગવાન બુદ્ધના પૃથ્વી પર આગમન, જ્ઞાન પ્રાપ્તિ અને તેમના મહાપરિનિર્વાણની ઐતિહાસિક ઘટનાઓને ચિહ્નિત કરે છે. તેમણે કહ્યું કે કરુણા, અહિંસા, શાંતિ અને શાણપણના તેમના શાશ્વત સંદેશાઓ સમગ્ર માનવતાને માર્ગદર્શન આપતા રહેશે. તેમણે લોકોને ભગવાન બુદ્ધના આદર્શોને આત્મસાત કરવા અને શાંતિપૂર્ણ, સમાવિષ્ટ અને ન્યાયી સમાજના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ લેવા વિનંતી કરી.

# REV MINORITY AFFAIRS-HAJ

લઘુમતી બાબતોના મંત્રાલયે આજે જણાવ્યું હતું કે, તે દરેક ભારતીય મુસ્લિમ માટે હજને સુલભ અને સસ્તું બનાવવા માટે પ્રતિબદ્ધ છે. હજ ભાડામાં વધારા અંગે અનેક મીડિયા પ્લેટફોર્મ પર ચિંતા વ્યક્ત થતાં મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં આ વાત કહી હતી. તેણે સ્પષ્ટ કર્યું હતું કે પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે વધતા ઇંધણના ખર્ચને કારણે એરલાઇન્સે ત્રણસોથી ચારસો ડોલરની માંગણી કરી હતી, જોકે મંત્રાલયે તેને પ્રતિ યાત્રાળુ એકસો ડોલર સુધી મર્યાદિત કરી દીધી છે, જેનાથી બસો થી ત્રણસો ડોલરની બચત થઈ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# INDIA POST-SAVINGS ACCOUNT

ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે આજે તેના સ્વ-સહાય જૂથ-SHG બચત ખાતાનો શુભારંભ કર્યો, જે ગ્રામીણ ભારતમાં નાણાકીય સમાવેશને આગળ વધારવા અને મહિલા-આગેવાની હેઠળના SHG ને સશક્ત બનાવવાશે. સંદેશાવ્યવહાર મંત્રાલયે જણાવ્યું હતું કે આ ખાતું એક સરળ, સુલભ અને શૂન્ય-ખર્ચ બેંકિંગ સોલ્યુશન પ્રદાન કરશે જે સમાવિષ્ટ વિકાસ અને ટકાઉ આજીવિકાની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત છે. આ ખાતામાં કોઈ લઘુત્તમ પ્રારંભિક ડિપોઝિટ કે કોઈ માસિક સરેરાશ બેલેન્સ આવશ્યકતા નથી. તેમ બે લાખ રૂપિયાની મહત્તમ બેલેન્સ મર્યાદા રહેશે.

# DRDO - BRAHMOS

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન-DRDO દ્વારા આજે જાહેર કરાયું છે કે બ્રહ્મોસ એરોસ્પેસની આવક 2025-26 માટે 5 હજાર 200 કરોડ રૂપિયાને પાર થઈ ગઈ છે. સોશિયલ મીડિયા સંદેશમાં, DRDO એ જણાવ્યું હતું કે નવ લખનઉ કેન્દ્રએ કામગીરી શરૂ કર્યાના એક વર્ષની અંદર મિસાઇલોનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. તેણે એમ પણ કહ્યું હતું કે બ્રહ્મોસ એરોસ્પેસ 2025-26 માં 4 હજાર કરોડ રૂપિયાના બે નિકાસ ઓર્ડર સાથે વિશ્વ બજારમાં સતત પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે.

# CULTURE MEETING - BRICS

ભારતના બ્રિક્સ પ્રેસિડેન્સી 2026 હેઠળ પ્રથમ સંસ્કૃતિ કાર્યકારી જૂથની બેઠક આજે નવી દિલ્હીમાં પૂર્ણ થઈ. સંસ્કૃતિ મંત્રાલયના સચિવ વિવેક અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં બ્રિક્સ દેશોએ વર્ચ્યુઅલી ભાગ લીધો હતો. ભારતનું પ્રતિનિધિત્વ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કળા કેન્દ્રના સભ્ય સચિવ ડૉ. સચ્ચિદાનંદ જોશી અને અન્ય અધિકારીઓએ કર્યું હતું.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, સંસ્કૃતિ મંત્રાલયે જણાવ્યું હતું કે બ્રિક્સનું ભારતનું પ્રમુખપદ સાંસ્કૃતિક, લોકો-થી-લોકોના આદાનપ્રદાન અને વ્યૂહાત્મક સહયોગ પર ભાર મૂકે છે. તેમાં ઉમેર્યું હતું કે સરકાર સભ્ય દેશો વચ્ચે સહિયારા વારસા અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપી રહી છે.

# RAJNATH-ITALIAN MINISTER MEET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે નવી દિલ્હીમાં તેમના ઇટાલિયન સમકક્ષ ગુઇડો ક્રોસેટ્ટો સાથે પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ સહિત વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રી જણાવ્યું હતું કે તેઓએ ભારતના આત્મનિર્ભર ભારત કાર્યક્રમ અને ઇટાલીના સંરક્ષણ સહયોગ પહેલ હેઠળ પરસ્પર સંરક્ષણ ઔદ્યોગિક સહયોગને વધુ વિકસાવવાના માર્ગો પર પણ ચર્ચા કરી હતી. બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચે લશ્કરી જોડાણો અંગે દ્વિપક્ષીય લશ્કરી સહયોગ યોજના 2026-27નું પણ આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 5 ઓવરમાં 2 વિકેટે 53 રન કર્યા છે.

# JOSHI- ELECTRICITY RECORD

ભારતે એપ્રિલમાં કોઈપણ અછત વિના 256.1 ગીગાવોટની સર્વકાલીન ટોચની વીજળી માંગને પૂર્ણ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ માહિતી નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ આજે એક સોશિયલ મીડિયા સંદેશમાં શેર કરી હતી. શ્રી જોશીએ જણાવ્યું હતું કે આ સિદ્ધિમાં સૌર ઉર્જાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે ઉમેર્યું હતું કે પીક અવર્સ દરમિયાન કુલ વીજળીના ઉત્પાદનમાં તેનો ફાળો લગભગ 21 ટકા છે, જેમાં સૌથી વધુ માંગના સમયે 57 ગીગાવોટ અને બપોરના સમયે આશરે 81 ગીગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે.

# PIB FACT CHECK - PM

શાળાએ જતા બાળકોને મોબાઇલમાં મફત રિચાર્જ કરાવવાનું વચન આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કથિત વીડિયોનું સરકારે ખંડન કર્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું હતું કે આ દાવો ખોટો છે અને વાયરલ વીડિયો કૃત્રિમ બુદ્ધિમત્તા-AI દ્વારા બનાવવામાં આવ્યો છે. સરકારે દરેકને આવી માહિતી ફક્ત સત્તાવાર વેબસાઇટ myscheme.gov.in દ્વારા જ ચકાસવાની સલાહ આપી છે.

# INDIA-JAMAICA

ભારત-કેરેબિયન સંબંધોને મજબૂત બનાવવાની દિશામાં, ભારતે જમૈકામાં તેનું મુખ્ય આરોગ્ય મૈત્રી પોર્ટેબલ આરોગ્ય માળખું તૈનાત કર્યું છે, જે ભારત-કેરેબિયન સમુદાય જોડાણના વ્યાપક માળખા હેઠળ માનવતાવાદી રાજદ્વારી અને દક્ષિણ-દક્ષિણ સહયોગમાં એક નવો અધ્યાય છે. ભારતના માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત માળખા હેઠળ સંકલિત આ તૈનાતી, ભાગીદાર દેશોને ઝડપી, ટેકનોલોજી-સક્ષમ તબીબી સહાય પહોંચાડવા પર ભારત સરકારના વધતા ભારને પ્રતિબિંબિત કરે છે. આ પહેલ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય દ્વારા માર્ગદર્શન આપવામાં આવી છે અને વિદેશ મંત્રાલય સાથે ગાઢ સંકલનમાં અમલમાં મૂકવામાં આવી છે, જે પ્રતિભાવશીલ અને વિશ્વસનીય વૈશ્વિક આરોગ્ય ભાગીદારી પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.